# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૧ સને ૨૦૨૩ સં.૨૦૮૦

અંક : ૫ કારતક-નવેમ્બર સળંગ અંક-૧૨૫

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઇન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355

**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**

આ અંકમાં.....

★ શાસ્ત્રદર્પણમાં આત્મદર્શન - ૩

★ વિદ્યા - અષ્ટક ૨

★ હે પ્રભો ! હું ભોગ - સંગ્રહનો પ્રેમી...

★ અહો નવકાર !!!

★ આ અંકની લઘુકથા

## આર્ષવાણી

**तद्ध्येयं मनसा तच्च,**

**वाचं वाच्या मनस्विभिः ।**

**चेष्टितव्यं तदङ्गेन,**

**येन कोऽपि न पीड्यते ।।**

મનથી એવું જ વિચારો, વચનથી એવું જ ઉચ્ચારો અને શરીરથી એવી જ પ્રવૃત્તિ કરો... જેનાથી કોઈપણ જીવને પીડા ન થાય.

દયા સહિત હોય તેનો તપ, તેનું શીલ કે તેના ગુણો સાર્થક છે. નિર્દય માનવનાં તપ-શીલ-ગુણો નિરર્થક છે.



## ★ શાસ્ત્રદર્પણમાં આત્મદર્શન - 3 ★★★

- પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

આ બધાનાં મૂળમાં મને લાગે છે : મારી અજ્ઞાનતા અને મારું મિથ્યાત્વ (મોહમૂઢતા) જ પ્રથમનંબરે જવાબદાર છે. આ બધા મારા જ દુશ્મનો છે; આવી ઓળખ કરાવનાર પ્રભુનાં વચનોનો સ્વાધ્યાય ન હોવાથી હું ઠગાયો. અલબત્ત, ઠગાયો, ઠગાઈ રહ્યો છું : એવો ખ્યાલ પણ આવતો ન હતો. પ્રભુ વચનોના ખજાના સ્વરૂપ શાસ્ત્રાભ્યાસ કે શાસ્ત્રોનો સ્વધ્યાય જ ન હોય તો ભીતરમાં ક્યાંથી અવલોકન થાય? આત્મસ્વરૂપને જોવા માટે શાસ્ત્રો દર્પણની ગરજ સારે છે. દર્પણની સામે ઊભા રહ્યા વગર કે આયનાને સામે ધર્યા વગર તે પોતાના શરીરાદિનું સ્વરૂપ ન બતાવી શકે, તે જ રીતે શાસ્ત્રોરૂપ અરિસાની સામે ગયા વગર કે તેના સ્વાધ્યાય વિના આત્માનું કે આત્માના ગુણ-દોષનું સ્વરૂપ ન સમજી શકાય. આનો મતલબ એ થયો કે આત્માને જોવા-ઓળખવા માટે કેવળજ્ઞાન કે કેવળજ્ઞાની (સર્વજ્ઞ) ની ગેરહાજરીમાં શાસ્ત્ર જ કામ આવે એમ છે.

હા, આ શાસ્ત્ર તરીકે દુનિયાનાં ગમે તે શાસ્ત્રો કામ નહીં આવે. સર્વજ્ઞનાં કથનને આધારે રચાયેલાં શાસ્ત્રો જ જોઈએ. છદ્મસ્થના વિચારોને રજૂ કરનારા, અજ્ઞાની જીવો દ્વારા રચાયેલાં, અધૂરા જ્ઞાનવાળાએ રચેલાં, ભૂત-ભવિષ્ય-વર્તમાન : એમ ત્રણે કાળને અબાધિત ન હોય તેવાં શાસ્ત્રો વાસ્તવિક આત્મદર્શન કરાવી ન જ શકે. દર્પણ જેટલો નિર્મળ-સ્વચ્છ હોય તેટલું તેમાં પ્રતિબિંબ સ્વચ્છ-યથાર્થ પડે...ચોકખું દેખાય... તેમ જ્ઞાન કે શ્રુતજ્ઞાન જેટલું પારદર્શક હોય તેટલું આત્માનું પ્રતિબિંબ યથાર્થ ઝીલી શકાય. જો એ જોવા- સમજવામાં ગરબડ થાય તો લાભની જગ્યાએ નુકશાન પણ જઈ જાય. તેના કારણે અશુદ્ધ સ્વરૂપને ઓળખી, શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવાની પદ્ધતિમાં પણ ભુલા પડી જવાય. અથાગ પ્રયત્ન કરવા છતાં અને એ સ્વરૂપની પ્રાપ્તિ માટે વર્ષો વીતવા છતાં એમાં સફળતાની જગ્યાએ નિષ્ફળતા જ હાથ લાગે !

આત્માની નિત્યતા-અનિત્યતાનો ભેદ (આત્મા દ્રવ્યથી નિત્ય, પર્યાયોથી અનિત્ય) જણાવનારાં શાસ્ત્રો ખૂબ જ સીમિત (લિમિટેડ) છે. દરેક દર્શનો (ધર્મો) માં આત્માનું સ્વરૂપ અલગ અલગ બતાવવામાં આવ્યું છે. કોઈ દર્શનવાળા તેને એકાંતે નિત્ય માને છે તો કેટલાક દર્શનવાળા તેને એકાંતે અનિત્ય માને છે. જૈનધર્મના શાસ્ત્રો તેને પરિણામી નિત્ય (અવસ્થા-ભવ બદલાવા છતાં આત્મા તે જ રહે છે...) માને છે. પ્રેક્ટીકલી કે થિયરીકલી આ વાત બરાબર ઘટે છે. આ વાત સિદ્ધ પણ થઈ ચૂકી છે.

જે શાસ્ત્રો આત્માને- તેના શુદ્ધ- અશુદ્ધ સ્વરૂપને ઓળખાવી જ ન શકે તે શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવાની પ્રક્રિયા પણ ક્યાંથી આપી શકે ? ખાણમાંથી નીકળેલા માટી-કચરા વગેરેથી અશુદ્ધ અને મૂળ ધાતુ (સુવર્ણ) સિવાયની ચીજોથી અશુદ્ધ સુવર્ણને જેમ પ્રક્રિયા દ્વારા શુદ્ધ સુવર્ણરૂપે જુદું પાડી શકાય છે. મતલબ, તેમાં રહેલો કચરો દૂર કરી શકાય છે, તેમ શાસ્ત્રોમાં બતાવેલા ઉપાયોથી આત્મામાં રહેલી અશુદ્ધિને દૂર કરી તેના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરી શકાય છે.

સાર એ જ આવ્યો કે - આત્માને ઓળખવા-જોવા માટે કે તેને શુભ અને શુદ્ધ તરફ આગળ વધારવા માટે શાસ્ત્ર જ સાધન તરીકે કામ આવે એવાં છે. હા, એના આધારે પુરુષાર્થ તો સ્વયં જ કરવાનો છે. શાસ્ત્રો કે ગુરુભગવંતો (શ્રીતીર્થંકર ભગવંતો કે શ્રી ગણધરભગવંતો) માત્ર દિશા નિર્દેશ કરે છે. કારણ, દિશા પકડવામાં ભૂલ થાય તો કયારેય કાર્ય સિદ્ધ ન જ થઈ શકે. ગંતવ્ય સ્થાને તો ન પહોંચાય પરંતુ ગંતવ્ય સ્થાનનું અંતર, ચાલવા છતાં ઘટવાની જગ્યાએ વધતું જાય.

શ્રીપ્રસન્નચન્દ્ર રાજર્ષિની સજ્ઝાયમાં કવિવર શ્રી દીપવિજયજી મ. અંતિમ કડીમાં જણાવે છે કે - 'પ્રસન્નચન્દ્ર ઋષિ મુગતે ગયા રે, શ્રી મહાવીરના શિષ્ય; દીપવિજય કહે ધન્ય એ મુનિવર, દીઠા શાસ્ત્રપ્રત્યક્ષ...પ્રસન્નચન્દ્ર પ્રણમું તમારા પાય...' આમાં મહાત્મા તો ભલે ચોથા આરામાં (અઢી હજાર વર્ષ પૂર્વે) થયા અને મોક્ષમાંય ચાલ્યા ગયા. છતાં 'પ્રત્યક્ષ' જોયાની વીત લખી છે. પરંતુ ક્યાં જોયા ? શાસ્ત્રનાં પાનાંઓમાં પ્રત્યક્ષ જોવા મળ્યા. મતલબ એ થયો કે - શાસ્ત્રમાં જણાવેલી વાતો પ્રત્યક્ષ જેવી પ્રમાણભૂત છે. એમાં અસત્યનો કોઈ અંશ નથી હોતો, તે જ રીતે લેશ માત્ર અતિશયોક્તિ પણ નથી હોતી.

ઈતિહાસ એમ કહે છે કે - ભૂતકાળમાં કોઈ પણ મહાત્માએ (જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કે તપાગચ્છના હોવા છતાં) લખેલ ગ્રંથ હોય કે શાસ્ત્ર હોય, કોઈ પણ કૃતિ હોય... તેમાં થોડી પણ વાત અયોગ્ય લખી નાંખી હોય, એમાં સૂત્રથી કે સત્યથી વિરુદ્ધ વાત હોય, ઉત્સૂત્ર કે ઉન્માર્ગની પ્રરૂપણા કરી હોય... સાવદ્યની હિમાયત કરી હોય... જિન શાસનના સિદ્ધાંતોને બાધ એવી રજૂઆત કરી હોય...આવાં શાસ્ત્રોને જલશરણ કરવામાં આવ્યાં છે. એ ગ્રંથના રચયિતા એ વાતનો સ્વીકાર ન કરે તો તેમને સંઘ-સમુદાયથી બહાર પણ કરી દીધા છે.

વળી, કલિકાલમાંય આપણા માટે બે ચીજ અતિ મહત્ત્વની છે. ૧. જિનબિંબ (પ્રતિમા) અને ૨. જિનાગમ (૪૫ આગમ, તેની પંચાંગી અને તેને અનુરૂપ અન્ય શાસ્ત્રો), આમાંય જિનબિંબ કરતાં અપેક્ષાએ જિનાગમનું મહત્ત્વ વધારે છે. જિનબિંબના નિર્માણમાંય જિનાગમ જ માર્ગદર્શન આપે છે. દરેક આરાધના, સાધના અને જિનબિંબ (સાક્ષાત્ ભગવાન જ) આદિની ઉપાસનાનું માર્ગદર્શન આપનાર



જિનાગમો જ છે. સાધુ - સાધ્વી હોય કે શ્રાવક - શ્રાવિકા હોય... બધાએ શાસ્ત્રના આધારે જ ચાલવાનું છે. મોક્ષ - માર્ગનો ભોમિયો એ જ છે. શિષ્ય ભલે ગુરુના કહ્યા પ્રમાણે ચાલતો હોય...છેવટે ગુરુએ તો આ શાસ્ત્રના કહ્યા મુજબ જ ચાલવાનું છે. એટલે અંતિમ નિર્ણય તો શાસ્ત્રના આધારે જ કરવાનો છે. તમામ વિષયોના કાયદા એમાં લખાયેલા છે. ભૂલ્યાને માર્ગદર્શન કે ભૂલનાં પ્રાયશ્ચિત્ત પણ શાસ્ત્રાધારે જ થાય છે.

શાસ્ત્ર; અપેક્ષાએ ગણીએ તો તે વિશિષ્ટ જ્ઞાનીની ગરજ સારે છે. કારણ, એ શાસ્ત્રના જ્ઞાન થકી જ જ્ઞાની ગણાય છે. જ્ઞાનના અભાવવાળાને ક્યારેય જ્ઞાની ન જ કહેવાય. જ્ઞાન એ ગુણ છે, જ્ઞાની એવા ગુણી (ગુણવાન) વગર ગુણ ક્યાં રહી શકે ? મતલબ, જ્ઞાન આધેય છે, જ્ઞાની આધાર છે. બંને વચ્ચે આધાર - આધેયનો સંબંધ ગણાય છે.

જડ- ચૈતન્યનો બોધ શાસ્ત્રજ્ઞાનના આધારે જ થાય છે. જ્યાંસુધી વિશિષ્ટ - અતીન્દ્રિયજ્ઞાન ન થાય ત્યાં સુધી બધા નિર્ણયો શાસ્ત્રોના આધારે જ કરવાના છે. પોતાની અધૂરી - છાદ્મસ્થિક બુદ્ધિને ક્યારેય આગળ કરવાની નથી. અજ્ઞાની જીવો - અધૂરા જ્ઞાનવાળા (અધૂરો ઘડો વધુ છલકાય એ કહેવત પ્રમાણે) જીવો પોતાની કોરી બુદ્ધિથી નિર્ણયો કરે છે ત્યારે પરિણામ વિપરીત આવે છે. જડને ચૈતન્ય અને ચૈતન્યને જડ માની લેવાની મોટી ભૂલ કરી બેસે છે. આ ભૂલ પહાડ જેવી સાબિત થાય છે. તેનાં માઠાં પરિણામ ભોગવતાં નાકે દમ આવી જાય છે.

જે ચીજ સીધી - નરી આંખે - આપણી પોતાની નજરે ન દેખાય તેને જોવા માટે કોઈ ને કોઈ માધ્યમની આવશ્યક્તા ઊભી રહે છે. આવાં માધ્યમો મુખ્ય બે છે. ૧. શાસ્ત્રો અને ૨. અતીન્દ્રિયજ્ઞાની અથવા શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિથી યુક્ત જ્ઞાની. જ્ઞાનીમાં અતીન્દ્રિયજ્ઞાની તેને કહેવાય કે - જેમને કેવળજ્ઞાન વગેરે આત્મપ્રત્યક્ષજ્ઞાન થઈ ગયું હોય, જેઓને કોઈ પણ ચીજ જાણવા માટે ઉપયોગ મૂકવાની - યાદ કરવાની જરૂર ઊભી ન થાય. ત્રણે કાળનું, ત્રણે લોકનું અને એના સઘળાય પર્યાયોનું પ્રત્યક્ષજ્ઞાન હોય. આત્મા પરથી જ્ઞાનાવરણીયકર્મ સંપૂર્ણ નષ્ટ થઈ જાય ત્યારે જ આવું પ્રત્યક્ષજ્ઞાન પેદા થાય છે. આવા જ્ઞાન - જ્ઞાનીને કોઈ પડકારી શકતું નથી.

આવા જ્ઞાનીનો ભલે આજે અહીં અભાવ છે પરંતુ એવા જ્ઞાનીનાં વચનોના સંગ્રહરૂપ શાસ્ત્રો તો આજેય વિદ્યમાન છે. આ શાસ્ત્રોને આપણે દર્પણ ગણીશું. પોતાનો ચહેરો પોતાને ન દેખાતો હોય ત્યારે તેને જોવા માટે જેમ દર્પણ - અરિસાની સહાય લેવાય છે, તેમ આપણા સ્વરૂપને પ્રત્યક્ષ જોવા માટેનો બોધ-જ્ઞાન ન મળે

ત્યાં સુધી શાસ્ત્રોનાં દર્પણમાં દરેકનાં સ્વરૂપ નિહાળી- ઓળખીને, તેનો વાસ્તવિક બોધ મેળવીને; એના આધારે ચાલશું તો ચોક્કસ મોક્ષના માર્ગે પ્રગતિ અને આત્મોન્નતિ સાધી શકીશું - એમાં શંકા કરવાનું કોઈ કારણ નથી.

આવાં શાસ્ત્રોના સથવારે આત્મસ્વરૂપને ઓળખીને અશુદ્ધ આત્માને શુદ્ધ બનાવવાનો પુરુષાર્થ પણ એ જ શાસ્ત્રોના આધારે કરી સિદ્ધિ પ્રાપ્ત કરીએ ! એ જ મંગલ કામના. ધ

## ★ વિદ્યા - અષ્ટક ૨ ★★★

**- પૂ. આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

અપવિત્ર આત્માને પવિત્ર બનાવવાનો માર્ગ બતાવનાર, જગતના વાસ્તવિક સ્વરૂપનું ભાન કરાવનાર, સંસારની હેયતા ને મોક્ષની ઉપાદેયતાનો બોધ કરાવનાર અને એ માટેના સચોટ ઉપાયો દર્શાવનાર જૈન શાસનમાં અનેક શાસ્ત્રો છે. (અનેક કહેવા કરતાં તમામ શાસ્ત્રો કહીએ તો અતિશયોક્તિ કે અજુગતું નથી.) આવા ગ્રંથો પૈકી 'જૈનશાસનની ગીતા' જેવા; મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યના રચેલા 'જ્ઞાનસાર' ના ૧૪ મા વિદ્યા - અષ્ટકની વાત આપણે વિચારી રહ્યા છીએ.

**જૈન શાસ્ત્રોમાં ખામી શોધી જડે તેમ નથી અને ખૂબીઓનો કોઈ પાર નથી.** માટે જ તો જૈનાગમોને ૩૨ દોષ રહિત અને આઠ ગુણથી યુક્ત ગણાવ્યા છે. જૈન શાસ્ત્રોમાં દરેક ઠેકાણે, જે તે વિધાનોનું વર્ણન કરતી વખતે; તેના દોષો બતાવવા સાથે ગુણોની વાત કરી છે. દોષ (અવિધિ- આશાતનાદિ) ટાળ્યા વગર ગુણ ન આવી શકે. ગુરુવંદનમાં જેમ ૩૨ દોષ ટાળવાની વાત કરી છે, તેમ ગુરુવંદન કરવાથી છ ગુણો પ્રાપ્ત થવાની વાત પણ જણાવી છે. આ રીતે દરેક જગ્યાએ ગુણ- દોષને જણાવવા પૂર્વક દોષથી બચવાની અને ગુણોના અર્જનની પ્રક્રિયા નિર્દિષ્ટ કરી છે.

અહીં વિદ્યા- અષ્ટકમાં પણ શ્રી ઉપાધ્યાયજી મહારાજે અવિદ્યાને દૂર કરી તત્ત્વબુદ્ધિ સ્વરૂપ વિદ્યાની વિચારણા અને આચરણા પૂર્વક શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ તરફ આગળ વધવાની વાત કરી છે. આ અષ્ટકમાં આપેલા માર્ગદર્શન પ્રમાણે જો પુરુષાર્થ કરવામાં આવે તો અવશ્ય ધાર્યું પરિણામ મળે જ. હા, આમાં આપણી કોરી બુદ્ધિને વચમાં ન લાવવી. કારણ, યોગાચાર્યોએ યોગાભ્યાસ અને પૂર્વના મહાપુરુષોના માર્ગદર્શનાનુસાર ગ્રંથ બનાવ્યો છે.



ગ્રંથની એક- એક વાતોને માત્ર વાંચવાની નથી, વાગોળવાની છે. વારંવાર, દિવસો સુધી એના ઉપર ચિંતન- મનન- નિદિધ્યાસન કરવાનું છે. આમ કરવાથી જ એનાં રહસ્યો (તાગ) સુધી પહોંચી શકાય. છીછરા પાણીમાં છબ- છબિયાં કરવાથી કાર્ય સિદ્ધ ન થાય. સાગરના તળિયે જવું પડે. જેમ ખોરાક ખાધા પછી નાના આંતરડામાં થઈ મોટા આંતરડામાં ન જાય, ત્યાં પાચનની કાર્યવાહી ન થાય તો શરીરને (સાત ધાતુરૂપે) પુષ્ટિ ન જ મળે, તેમ અહીં સમજી લેવું.

આ અષ્ટકની પહેલી ગાથામાં જણાવેલ અવિદ્યાના સ્વરૂપને જણાવ્યું. અવિદ્યામાં ભાગ ભજવનાર મુખ્યત્વે મોહરૂપ ચોર છે. આ ચોર રાજા- મહારાજાથી લઈ દુનિયાના મોટાભાગના જીવોને છળે છે. જે જીવો વિદ્યાના બોધવાળા અને નિત્યાનિત્યના સ્વરૂપને યથાર્થ સમજીને તે પ્રમાણે જીવન જીવે છે... તે જીવોને મોહ છળી શકતો નથી. ચોરને ઓળખી જનારો જીવ ચોરથી જે રીતે સાવધાન રહી બચી જાય છે, તેમ અહીં મોહ- ચોરને ઓળખી જનારો જીવ વિદ્યાના બોધવાળો અને સાવધાન હોવાથી છલનાથી આબાદ બચી જાય છે. એટલું જ નહીં, યોગાચાર્યોએ જે રીતે સિદ્ધિ મેળવી તે રીતે સિદ્ધિનાં સોપાન સર કરે છે ! છિદ્રાન્વેષી એવો મોહ- ચોર ક્યારે નિષ્ફળ બને અને જીવ એમાં ક્યારે (કયો) સફળ બને તે વાત હવે બીજી ગાથામાં જણાવે છે.

**यः पश्येन्नित्यमात्मानं-मनित्यं परसङ्गगमम्।**

**छलं लब्धुं न शक्नोति, तस्य मोहमलिम्लुचः ।।२।।**

**ભાવાર્થ :** જે જીવ; આત્માને નિત્ય- હંમેશા નિત્યરૂપે અને પર- પુદ્‌ગલના સંયોગને અનિત્યરૂપે જુએ છે તેનું છિદ્ર શોધવા મોહરૂપ ચોર શક્તિમાન થતો નથી. મતલબ, મોહરાજા દ્વારા તેની છલના થતી નથી.

અવિદ્યા- વિદ્યાના અનુસંધાનમાં ત્રણ મુદ્દા પર અહીં વિચારણા કરી મોહના આધિપત્યથી (ચોરથી) બચવાની વાત કરે છે. સંસારમાં રહેલાં જીવો પર સૌથી વધુ ખાના- ખરાબી સર્જવાનો આરોપ હોય તો આ મોહ- ચોર માટે છે. મોહ- ચોર ભલ- ભલા ધર્માત્માને પણ સીફતપૂર્વક લૂંટી લે છે. ધોળા દિવસે ખુલ્લેઆમ લૂંટ ચલાવતા છતાં તેને જાહેર જનતા લૂંટારું કે ચોર કહેવા તૈયાર નથી. કોણ જાણે આ મોહ- ચોર કયો જાદુ કરે છે ? કઈ હાથ- ચાલાકી વાપરે છે ? કેવા પ્રકારનું હિપ્નોટિઝમ કરે છે ? બુદ્ધિશાળી ગણાતા પંડિતોય તેના સકંજામાં ફસાઈ જાય છે. મોહ પોતાની માયાજાળ એવી પાથરે છે કે એમાં ક્યારેક તો પૂર્વધર મહર્ષિઓ

પણ લપેટમાં આવી જાય છે. અરે! મતિજ્ઞાની (બુદ્ધિના બેતાજ બાદશાહ) શ્રુતજ્ઞાની (ચૌદપૂર્વાદિ સમસ્ત ગણિપિટકના ધારક) ઉપરાંત અવધિજ્ઞાન સંપન્ન જીવોનેય પોતાના માદક વાતાવરણમાં ખેંચી લે છે !

આ મોહરાજા માટે કોઈ સ્થાનનો બાધ નથી. એ ધર્મસ્થાનક હોય કે રાજમહેલ, જંગલ હોય કે માનવ- આબાદીથી ભરપૂર શહેર હોય, ઝૂંપડી હોય કે બંગલો હોય, પેઢી પર બેઠા હોય કે ઉપાશ્રયમાં રહેલા હોય, ગૃહસ્થ વેષમાં હોય મુનિવેષમાં હોય...તમામ સ્થાનો અને બધી જ અવસ્થાઓમાં પોતાનો પગદંડો જમાવી શકે છે. ઉપરના શ્લોકમાં જણાવ્યા મુજબ જે જીવો આત્માને નિત્ય તરીકે અને પરપુદ્ગલના સંગને અનિત્યરૂપે જુએ છે- સમજે છે, શ્રદ્ધા પૂર્વક દઢપણે સ્વીકારે છે તે જીવો જ આ મોહથી બચી શકે છે.

મોહ- ચોરને ચોરી કરવાની પદ્ધતિ- તરકીબ (મોડસ ઓપરેન્ડી) એવી યોજના બદ્ધ હોય છે કે - એને કળવાનું- સમજવાનું કાર્ય હોંશિયાર ગણાતા, જગતના જીવોને બાટલીમાં ઉતારી બૂચ મારવાની આવડતવાળા, ઠગ અને ધૂર્ત લોકો માટે પણ દુષ્કર હોય છે. માત્ર સમ્યગ્દર્શનયુકત, અપ્રમત્ત અને સતત જ્ઞાનોપયોગમાં વર્તતા જીવો જ આબાદ બચી શકે છે ! શ્લોકમાં જણાવેલી નિત્ય- અનિત્યની વાત આવા જીવો જ સમજી શકે છે. મોહનાં અંજામણથી એ જ બચી શકે છે. એ જીવો જ મોહે ઊભાં કરેલાં મોહક અને માદક દશ્યો, બિછાવેલી માયાજાળને, આકર્ષક વિવિધ રંગોને અને એ બધાંની પાછળ આવનારી ઘોર યાતના- પીડાને પિછાણી શકે છે.

જ્ઞાની ભગવંતોનાં પવિત્ર, નિઃસ્વાર્થ વચનોનાં માધ્યમથી આ મોહ નામના સફેદ - શાહુકારના લેબાશમાં જાહેરમાં રહેતા- ફરતા ચોરોને સાચી રીતે ઓળખી શકાય છે. આ ચોરની કોઈ જગ્યાએ પલ્લી નથી. મતલબ એનો કોઈ ખાસ પ્રદેશ કે એરિયા નથી. આ ચોરે ચૌદે રાજલોકમાં (જ્યાં જ્યાં પૃથ્વીકાયથી પંચેન્દ્રિયજીવો રહે છે- વસે છે) પોતાનો પગપેસારો કર્યો છે. પોતાનું આધિપત્ય જમાવ્યું છે.

અપેક્ષાએ એમ કહી શકાય કે - અનંત ભૂતકાળ વીતવા છતાં કોઈ કોર્ટમાં એની (ચોર) સામે કેસ નોંધાયો નથી. આગળ વધીને તેને ક્યાંય સજા થઈ નથી. વ્યક્તિગત રીતે તે તે જીવો એનાથી બચીને હંમેશ માટે તેના હાથમાં ન આવે તેવા સ્થાને પહોંચી ગયા છે, તે વાત જુદી.

(ક્રમશઃ) ધ



## ★ હે પ્રભો ! હું ભોગ - સંગ્રહનો પ્રેમી... ★★★

- શ્રી ભક્તિ મિત્ર

હે દેવાધિદેવ ! આપ તો મહાદાનેશ્વરી છો. આપે માત્ર પૈસાનું જ દાન નથી કર્યું ! ગર્જના કરતા ગજરાજનું, તેજતુખાર અશ્વોનું પણ આપે દાન કર્યું : દિવ્ય વસ્ત્રોનું દાન કર્યું : સોનામહોરનું દાન કર્યું...કે જેના ઉપર આપનું તથા આપનાં માતા- પિતાનું નામ અંકિત હતું ! આપે સામે કોઈ પણ અપેક્ષા (પ્રસિદ્ધિની કે કંઈ પણ મેળવવાની ઈચ્છા નહીં) વગર એક વર્ષ સુધી નિરંતર દાન આપ્યું. યાચકની ઈચ્છા અને જરૂરિયાતવાળી તમામ ચીજોનું દાન કર્યું ! જેમ યાચના કરનારને કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિરત્ન જોઈએ તે ચીજ-વસ્તુ આપે, તેમ પ્રભુ ! આપે પણ તમામ યાચકોને એટલું આપ્યું કે, હવે જગતમાં કોઈ અર્થીજ (યાચક- જરૂરિયાતવાળો) ન રહ્યો ! મતલબ, જગતના બધા જ જીવોનું દારિદ્રય દૂર કરી દીધું !! જગતમાં કોઈ દરિદ્ર માનવ ન બચ્યો. વિદ્યાધરો પણ આમાં આવી ગયા. જેને જે જે જરૂરિયાત હતી તેની સૌને પૂર્તિ થઈ ગઈ. રત્નોની ગરજવાળાને રત્નો મળ્યાં. કન્યાની અપેક્ષાવાળાને કન્યાય મળી.

હે નિજાનંદી !મળેલા ધન-દોલત વગેરે ભૌતિક પદાર્થો, કે જે સામાન્યથી દેવ-દાનવ-માનવ કે વિદ્યાધરનેય રાગ-રતિનાં પાપી રંગોથી રંગી નાંખે છે, તે પદાર્થો પ્રત્યે આપ નિઃસ્પૃહ હતા. રાગ-રતિ વગરના હતા. આપને તે પદાર્થો આસક્તિ ન જગાડી શક્યા! તેથી જ આપે પુણ્યથી મળેલી ભૌતિક સામગ્રીનાં દાન દ્વારા તેને સફળ બનાવી દીધી! રાગી જીવને મળેલી સામગ્રીનું મમત્વ છૂટતું નથી. આપ તો મહાવિરાગી હતા. તેથી આપ ભોગ કે સંગ્રહમાં નહીં, દાનમાં અગ્રેસર હતા. અપેક્ષાએ ગણીએ તો ચક્રવર્તી કરતાંય ચઢિયાતું આપનું પુણ્ય હોવાથી બેશુમાર સામગ્રી મળી હતી. ભોગાવલી કર્મના યોગે ભોગવવું જ પડે તેટલું ભોગવ્યા પછી; સાપ કાંચળીનો ત્યાગ કરે એવા સહજભાવથી આપે તેનો ત્યાગ(દાન) કરી દીધો!

દુનિયાના કેટલાક જીવોને પુણ્યથી મળેલી ભોગોપભોગની સામગ્રીનો મદ (અહંકાર) હોય છે. ભોગવવા કરતાં ભેગું કરવાનાં ઓરતાં વધારે હોય છે. જોઈ જોઈને એ જીવો રાગ-રતિ અને આસક્તિનાં માધ્યમથી ભારે ચીકણાં કર્મો બાંધી એ પરિગ્રહ અને આરંભનાં મહાપાપોના યોગે નરકાદિ દુર્ગતિમાં ચાલ્યા જાય છે. માત્ર દુનિયાના ભૌતિક ક્ષેત્રે પ્રગતિ કરેલા કે કરી રહેલા જીવો તરફ જ દૃષ્ટિ રાખનારા અને એ જ લક્ષ્ય તરફ આગળ વધવાનાં અભરખાંવાળા એ જીવોની નજર આપના જીવન તરફ ક્યાંથી જાય? એ જીવો તો ભોગના રાગી છે. પરિગ્રહના

પ્રેમી છે. આવી રાગી અને પરિગ્રહ પ્રેમી જીવોને ભોગ કરતાંય સંગ્રહનો આનંદ વધુ હોય છે. એ જીવો ભોગ અને ત્યાગ-દાનમાં કંજૂસ હોય છે. આ જીવો શરીર કરતાં તિજોરી પ્રેમી વધારે હોય છે. એમની સંપત્તિ પોતાના માટે નહીં પણ બીજાને માટે જ કમાતો-ભેગી કરતો હોય તેવું લાગે. હે કૃપાસિંધુ! આવી શ્રેણીમાં મારો નંબર ન લાગી જાય એ માટે સદ્બુદ્ધિ આપજે. તાત્ત્વિક સમજ સાથેની સાત્ત્વિકતા આપજે, જેથી હું સ્વાર્થી નહીં, પરમાર્થી બનું! ધનાર્થી નહીં; આત્માર્થી બનું. પરિગ્રહાદિ દોષોનો નહીં પરંતુ ત્યાગ-દાનાદિ ગુણોનો પ્રેમી બનું.

હે ભવ્યભાવાન્વિત હૃદય! મારા દુષ્ટ ભાવના સભર ચિત્તને પાવન બનાવ. મારા હૃદયમાં હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ,પરિગ્રહ, ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષ,કલહ વગેરે દુષ્ટભાવો છલકાઈ રહ્યા છે. તેના યોગે બીજાને કદાચ દુઃખ પડે કે ન પડે પરંતુ હું તો દુઃખી થાઉં જ છું! હું દોષો-દુર્ગુણો અને દુર્ભાવોનો મહા ખજાનો છું. આવા ખજાનાને સંપત્તિરૂપ માનીને બેઠો છું. ખૂંચવા જોઈએ એવા દોષો મને ખુશ કરતા હોય એવું લાગે છે. આ મારામાં રહેલા અજ્ઞાન અને મિથ્યાત્વનો દોષ માનું છું. પ્રસન્નતાથી ભરી દેનારું અને દુષ્ટ ભાવોને વિદાય આપનારું, વિદાય માટેની સંવેદના જગાડનારું તથા તે માટે જરૂરી સાત્ત્વિકતા લાવી આપનારું સમ્યગ્દર્શન ક્યારે મળશે? મિથ્યાત્વના કાજળઘેરા અંધકારને ક્યારે વિદાય આપીશ? છતી આંખે (ચર્મચક્ષુની વિદ્યમાનતા હોવા છતાં) અંધાપા જેવું વર્તન કરાવનાર આ અનાદિકાળથી પાછળ પડેલા અને મોહરાજાના વિશ્વાસપાત્ર મંત્રી જેવા મિથ્યાત્વ મારો પીછો ક્યારે છોડશે? અંદરની આંખો સ્વરૂપ સમ્યગ્દર્શનો ઉજાસ ક્યારે મળશે? તારા ઉપદેશથી વિપરીત મારી માન્યતાઓનો પર્દાફાશ ક્યારે થશે? જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર આદિ તત્ત્વો; જે મને સંસારમાં જકડી રાખનારાં છે, તેનાથી ક્યારે સંપૂર્ણ મુક્ત થઈશ?

હે જ્ઞાનાનંદી! આપ આત્માના ગુણોમાં જ રમનારા છો. એ સર્વ ગુણોમાં મહત્ત્વનો ગુણ છે- જ્ઞાન. આવા અનંત જ્ઞાનગુણમાં જ રમમાણ, એનો જ આનંદ માણનારા (પોતાની શાશ્વત સંપત્તિનો ભોગવટો કરનાર) તથા સમગ્ર સૃષ્ટિના જીવોનાં તમામ સુખોનો વર્ગ કરવા છતાં તે આનંદથી અનંત ગુણા આનંદને લૂંટવા છતાં કર્મનાં બંધનોમાં ન બંધાનારા, ન લેપાનારા આપનાં ચરણોમાં ભાવભીનાં વંદન. આપ જે ભોગવટો કરો છો તે ગમે તેટલાં દિવસો, મહિનાઓ, વર્ષો...સુધી ભોગવવા છતાં એમાં ઘટ પડતી નથી! સુખ કે આનંદનો સ્ટોક ઓછો થતો નથી. ભૌતિક સુખ કે આનંદ લેતાં તેમાં ચોક્કસ ઘટાડો થતો બધાને જ અનુભવાય છે.



તેમાં આર્થિક ઘટાડો પહેલાં જ નજરે દેખાય છે. તે માટે જ રોજ કમાવવાનો પુરુષાર્થ જારી રાખવો પડે છે.

અલબત્ત, તે માટે પણ (પૈસા કમાવા માટેય) કેટલાંય સુખોને છોડવા સાથે ઘણાં દુઃખો-કષ્ટોને વેઠવાની તૈયારી રાખવી જ પડે છે. સંપત્તિના ખર્ચની સાથે સાથે થતો પુણ્યનો ખર્ચ અને પાપોની બેશુમાર આવકનો વિચાર રહે છે. ભૌતિક સુખના ભોગવટા પાછળ જીવ જેટલો ખર્ચ કરે છે અથવા જેટલાં કષ્ટો વેઠે છે, તેના કરતાં માત્ર દશમા ભાગનાં કષ્ટો આત્મા માટે (અધ્યાત્મનો આનંદ મેળવવા માટે, ચિદાનંદની પ્રાપ્તિ માટે) કરે તો ખૂબ જ ટૂંકા સમયમાં તેને સિદ્ધિ મળી જાય! આવી સિદ્ધિ મળ્યા પછી ક્યારેય તેને કોઈપણ પ્રકારની શારીરિક, માનસિક કે આર્થિક પીડા ભોગવવાની મજબૂરી આવતી નથી. કોઈપણ વિઘ્નોનો સામનો કરવો પડતો નથી. આવી સમજણ અને શ્રદ્ધા પૂર્વકનો પુરુષાર્થ હું કરી શકું અને એ સન્નિષ્ઠ સાધનામાં ક્યાંય સ્વનું કે પરનું વિઘ્ન ન નડે એ માટે આપ કૃપા વરસાવજો...

હે રૂપનિધાન! હે લક્ષ્મીનિધાન! આપે માત્ર લક્ષ્મીનો ત્યાગ નથી કર્યો! ગૃહલક્ષ્મી (રાજરાણીઓ, સ્ત્રીરત્ન, રૂપવતી પત્નીઓથી લઈ પદ્મિની)નો પણ ત્યાગ કર્યો છે. આપે, અર્ધાંગના ગણાતી, સુખ-દુઃખમાં જીવનસંગિની ગણાતી અને અનુકૂળ બનેલી-પ્રેમાળ પત્નીઓનોય સહજ ત્યાગ કર્યો છે. આપે રૂપ લક્ષ્મીનો પણ ત્યાગ કર્યો છે. મતલબ, મહાપુણ્યના યોગે મળેલા રૂપની પણ પરવા નથી કરી. તે માટે ક્યારેય મેક-અપ વગેરેનો સહારો તો નથી જ લીધો... પરંતુ રૂપ પ્રત્યે ક્યારેય લક્ષ્ય જ નથી આપ્યું! સાધના દ્વારા એ રૂપ, કદરૂપું થાય તોય ચિંતા નથી કરી. શારીરિક પીડાને ન ગણકારી તેમ શરીરનાં રૂપનેય ન ગણકાર્યું! તપસાધના હોય કે સંયમ સાધના હોય... દરેક સાધનામાં સૌ પ્રથમ કષ્ટ તો શરીરને જ પડે છે! રૂપને સાચવવાની વૃત્તિવાળો ક્યારેય સાધનાના માર્ગે પુરુષાર્થ ન કરી શકે. આપે પણ પ્રભો! શાશ્વત ગુણ-સંપત્તિને પ્રાપ્ત કરવા માટે શરીરનાં રૂપ-રંગનું બલિદાન આપી દીધું! અમે તો શરીરની ચિંતા કરવાના 'વ્યસની' બની ગયા છીએ. આ વ્યસનમુક્તિના આપે માંડેલા યજ્ઞમાં ક્યારે જોડાઈશું? નાશવંતની ઉપેક્ષા સાથે શાશ્વતની અપેક્ષામાં ક્યારે સફળ થઈશું?

હે ભગવાન! મારી અજ્ઞાનતા ને મોહનૂઢતાના યોગે હું ઉપેક્ષા કરવા યોગ્યની અપેક્ષાવાળો બની ગયો છું અને અપેક્ષા રાખવાની છે ત્યાં ઉપેક્ષા કરી રહ્યો છું. ક્ષણિકની અપેક્ષા સાથે મારા પોતાના ગણાતા શાશ્વતની અથવા તેને પ્રાપ્ત

કરાવનાર જ્ઞાનાદિ રત્નત્રયી, દાનાદિ ચાર ધર્મોની ઉપેક્ષા કરી રહ્યો છું. અનાદિકાળની આ અવળી ચાલ ક્યારે દૂર થશે? તારા વિહિત કરેલા માર્ગરૂપ સવળી ચાલના મારા જીવનમાં શ્રીગણેશ ક્યારે મંડાશે ? હે પ્રાણપ્યારા નાથ ! મારા ભાવપ્રાણોનાં ગળાં ટુંપાઈ રહ્યાં છે. તે ભાવપ્રાણોને બચાવવા અને દુશ્મનોથી દબાયેલા એ ભાવપ્રાણોને મુક્ત કરવા માટે જે પુરુષાર્થની જરૂરિયાત છે તે માટે પ્રભુ! તારે જ સહાય કરવી પડશે. બાળકને આંગળી પકડીને ચલાવનાર માતા-પિતાની જેમ તારે જ એ કર્તવ્ય નિભાવવાનું છે. તારી કર્તવ્યનિષ્ઠા પ્રત્યે હું નિશ્ચિંત છું, બે ફીકર છું, પાકી ખાતરીવાળો છું. મારા કરતાંય કંઇ ગણાં પાપો કરનારનાય હાથ તે પકડ્યા છે... એટલું જ નહીં, તેને ઘોર પાપોથી બચાવી, પારાવાર સંસાર-સાગરથી તારી દીધા છે. મારો હાથ ક્યારે પકડશો ?

## ★ અહો નવકાર !!!- ★★★

**આલેખન : પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજા**

અનાદિ કાળથી ચાલ્યો આવતો અને અનંતકાળ રહેનારો એક માત્ર શાશ્વત મંત્રાધિરાજ છે નવકાર ! આનો મહિમા સામાન્ય મતિજ્ઞાન અને અલ્પ શ્રુતજ્ઞાન ધરાવતી વ્યક્તિ ક્યાંથી વર્ણવી શકે ? આના મહિમાનું ગાન તો કેવલ-જ્ઞાની પણ ન કરી શકે ! કારણ, તેઓના જ્ઞાનના આલોકમાં મહિમા સ્પષ્ટ હોવા છતાં કહેવા માટે આયુષ્ય ઓછું પડે છે. આનો મતલબ એ છે કે તેમનું આયુષ્ય ગમે તેટલું લાંબુ હોય તોય એ મહિમાને પૂરો વર્ણવી શકતા નથી.

નવકારના મહિમાને સમજવા માટે; કેટલીક ઘટનાઓ-પ્રસંગો સુંદર કામ કરી શકે છે. કથાનકોનાં માધ્યમથી આબાલ-ગોપાલ સહુ સહેલાઈથી એ સમજી શકે છે. કથાનક કોને પસંદ નથી ?... તો ચાલો, કથાનકના માધ્યમથી એ મંત્રાધિરાજના મહિમાને સમજી આપણા હૃદય મંદિરમાં એ મંત્રાધિરાજની પ્રતિષ્ઠા કરી લઈએ. દિલને એની પવિત્ર સુવાસથી મહેંકાવી દઈએ.

**શિવકુમારઃ** રત્નપુર નગરમાં યશોભદ્ર નામનો શ્રાવક નિવાસ કરી રહ્યો છે. ક્યારેક 'દેવતાના દીકરા કોયલા' એ કહેવત મુજબ બાપ અને દીકરાની દિશા વિરુદ્ધ પણ હોય છે. અહીં પણ એવું જ બન્યું. આ યશોભદ્ર પિતાને સાતે વ્યસનોમાં આસક્ત શિવકુમાર નામે પુત્ર હતો. ઉત્તમ શ્રાવકને આ વાત ક્યાંથી પસંદ હોય ? પિતાએ એ પુત્રને સમજાવવામાં ક્યાંય કચાશ નથી રાખી. ઘણી-ઘણી રીતે સમજાવ્યો. પરંતુ પિતાના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા. વ્યસની પુત્ર બાપનુંય નામ બગાડે છે. એના કારણે અવસરે બાપને નીચું જોવાનો સમય આવે છે. સાત



વ્યસન તો શ્રાવકના કુળને જ નહીં, માનવતાનેય કલંક આપનાર છે. આ લોક-પરલોક : બંનેને બગાડનાર છે. વ્યસન શબ્દનો એક અર્થ દુઃખ થાય છે. વ્યસન સેવતાં ભલે જીવને આનંદ થતો હોય પરંતુ પાછળ તો દુઃખના ડુંગરો જ ખડકાય છે. એ ડુંગરો નીચે તે દબાય છે ને રિબાય છે. સામાન્યદુઃખ પણ જીવને ગમતું નથી, તો દુઃખોની - પીડાની વણઝાર ચાલી આવે તે ક્યાંથી પસંદ આવે ?

સમયનાં વહેણ આગળ વધતાં ગયાં. કાળ કોઈની રાહ જોતો નથી. સમયની સાથે જગતમાં અને જીવનમાં પરિવર્તનો પણ આવતાં જ રહે છે. પરિવર્તનના પ્રકારો અગણિત છે. દિવસ-રાના પરિવર્તનની જેમ જીવન પરિવર્તન અને જન્મ -ભવ પરિવર્તન પણ આ કાળના પ્રભાવે જ થાય છે. આ પરિવર્તનો ક્યારેક આનંદદાયક હોય છે તો ક્યારેક દુઃખદાયક પણ હોય છે. આનંદની ક્ષણો રાગ અને આસક્તિના કારણે પાપ બંધાવે છે તો દુઃખની ક્ષણો દ્વેષ અને અરતિના પાપથી જીવને દૂષિત બનાવી દે છે ! હા, જો એની પાસે સમભાવને જન્મ આપનાર વીતરાગ પરમાત્માનાં અમોલ વચનો હોય તો બંને તરફ બચાવી લે છે. સમભાવ ને સમતાભાવના યોગે જીવ ક્યારેક તો વૈરાગ્યવાસિત પણ બની જાય છે. વૈરાગ્યના પ્રભાવે જીવ સંસારને અલવિદા કરી સંયમનો માર્ગ અપનાવી કર્મક્ષય દ્વારા મુક્તિની મંજિલ તરફ આગળ વધે છે. રાગ-દ્વેષાદિ કરનારો જીવ દીર્ઘ કાળ સુધી સંસારની વિવિધ ગતિ અને જાતિરૂપ ગલીઓમાં ભટક્યા જ કરે છે !

સરકતા સમયમાં યશોભદ્ર શ્રાવકને પોતાનો અંતકાળ નજીક દેખાયો. મૃત્યુ નજીક આવી રહ્યું છે - એવો અણસાર આવી ગયો. છેલ્લે-છેલ્લે પણ દીકરા તરફની લાગણીના કારણે તેને બોલાવ્યો. પાસે બેસાડ્યો. ખૂબ જ હેત ને વાત્સલ્યભાવે તેને કહ્યું બેટા ! તારા જીવનમાં ક્યારેય પણ કોઈ આકસ્મિક સંકટ આવી પડે... દુઃખ કે પીડા ઉપસ્થિત થાય ત્યારે પંચ પરમેષ્ઠીના નમસ્કાર રૂપ નવકાર મંત્રનું સ્મરણ કરજે. દાક્ષિણ્યતાના કારણે પિતાની આ વાત દીકરાએ માન્ય રાખી. જીવન ભર આપેલી હિતશિક્ષા તેના મગજમાં ન ઊતરી પણ પરલોકગમનની ક્ષણો નજીક હતી ત્યારે પિતાએ આપેલી શિખામણ મગજ પર લીધી. વળી, આ શિખામણમાં કાંઈ ત્યાગ કરવાનો નહોતો. કોઈ તપ કરવાનો નહોતો. માત્ર 'સંકટ સમયની સાંકળ' જેવી વાત હતી. તેથી સ્વીકારવામાં બાધ પણ ન લાગ્યો.

થોડા જ સમયમાં પિતા નવકારના સ્મરણ સાથે પરલોક સિધાવી ગયા. પિતાની હાજરીમાં તો પૈસા માંગવા પડતા... ક્યારેક મળે ક્યારેક નય મળે. જુગારાદિ વ્યસનો માટે ધનનો વ્યય તો થાય જ. પિતાજીના ગયા પછી તેના ઉપર નિયંત્રણ ન રહ્યું. રોક-ટોક ન રહી. સ્વચ્છંદતા વધતી ગઈ. પિતાની સંપત્તિનો માલિક પોતે જ બની ગયો. લક્ષ્મી જો ગુણ હોય તો સારાં કામ કરાવે. દુર્ગુણ હોય

તો એ જ લક્ષ્મી પાપોપાર્જન કરાવે. વ્યસની માનવને વળી સુકૃત ક્યાંથી યાદ આવે ? પાપી જીવના હાથમાં આવેલી લક્ષ્મી-સંપત્તિ તેને વધુ ને વધુ પાપના માર્ગે ધકેલી દે છે. એ જ રીતે શિવકુમારના જીવનમાં બન્યું. બેરોક-ટોક સ્વચ્છંદ બનેલો શિવકુમાર સંપત્તિને વ્યસનોની આગમાં હોમી રહ્યો છે. સંપત્તિને આવતાં વાર લાગે છે. જતાં ક્યાં વાર લાગે છે ?

બંગલા કે હવેલી ઊભાં કરતાં ને એમાં રહેવા જતાં વર્ષો વીતી જાય... ત્યાંથી રોડ ઉપર આવતાં તો મહિનાઓ પણ નથી લાગતા ! જોત-જોતામાં શિવકુમાર નિર્ધન થઈ ગયો. દરિદ્રતાનો ભોગ બન્યો. ક્યારેક તો દરિદ્રાવસ્થા મોતને સારું કહેવડાવે તેવી હાલત ઊભી કરી દે છે. ભિખારી બનાવી દે છે. ભિખારીને ડગલ ને પગલે અપમાનિત થવું પડે છે. બધા જ તેને હડધૂત કરે છે. મળેલી લક્ષ્મીનું જે દાન નથી કરતો તેને ભવિષ્યમાં ભિખારી થવું પડે છે. ભીખ માંગવામાં લાજ-શરમને નેવે મૂકવી પડે છે. લાંબો હાથ કરી જેને-તેને કરગરવું પડે છે. સામી વ્યક્તિના દિલમાં દયા ઉપજાવવા માટે કેવાં-કેવાં વચનોનું ઊચ્ચારણ કરવું પડે છે!

ગમે તેટલો ધનાઢ્ય હોય પણ જ્યારે આપવાની વાત આવે ત્યારે મન જલદી તૈયાર થતું નથી ગાયને દોહવી હોય તો આંચળ પંપાળવા પડે છે ને ? તે જ રીતે અહીં કાકલુદી કરવી પડે છે. કર્મસત્તા તેને 'નમ્ર' બનાવી દે છે. આ નમ્રતા ગુણ રૂપ નથી હોતી, એ મજબૂરી નામના દોષરૂપ હોય છે.

નિર્ધન બનેલા શિવકુમારને હવે કોઈકનું શરણું શોધવું રહ્યું. ધનવાનનો સંગ સૌ કોઈ કરે... નિર્ધનનો સંગ કોણ ઇચ્છે ? ધનવાનને સંગ શોધવા નથી જવું પડતું, જ્યારે નિર્ધનને સંગ શોધવા છતાં જલદી મળતો નથી. મળે તો સમજવું એ કોઈ ધુતારો કે સ્વાર્થી હશે. એવો માણસ દરિદ્રતાના દુઃખમાં ઘટાડો ન જ કરે પરંતુ નવી-નવી ઉપાધિઓ ઊભી કરતો હોય છે. શારીરિક-માનસિક વગેરે પીડાઓમાં ધકેલી દેતો હોય છે. (ક્રમશઃ) ધ

## ★ આ અંકની લઘુકથા ★★★

### સુવર્ણનું દાન અને સામાયિક

એક નગરમાં ધનાઢ્ય પણ મિથ્યાદૃષ્ટિ શેઠ રહેતો. પાત્ર-અપાત્રનો વિચાર કર્યા વગર, દાન દેવામાં માનનારો હતો. દાન એના માટે વ્યસનરૂપ બની ગયું હતું. સંગ્રહ કરવાના વ્યસનીને જેમ નવો સંગ્રહ ન કરે તો ચેન ન પડે. રાત્રે ઊંઘ પણ ન આવે, તેમ દાનીને દાન આપ્યા વિના ગોઠે નહીં. દાન માટે પાત્ર (વ્યક્તિ) અથવા જગ્યા શોધતો જ હોય. કેટલાકને દાન આપવા માટે કોઈને શોધવા ન પડે, એ સામે ચાલીને આવી જ જાય.



યુગલિકક્ષેત્ર-યુગલિક કાળમાં દાન લેનારો કોઈ ન મળે! એ માનવો પોતે જ કલ્પવૃક્ષ પાસે યાચના કરતા હોવાથી આપવાનો વિચાર જ ક્યાંથી આવે? વળી, બધાને એ કલ્પવૃક્ષ (૧૦ પ્રકારનાં) પાસેથી જોઈતી ચીજો મળી જતી હોય તો બીજે શા માટે જાય? હા, એ માનવો સંતોષી હોય છે, સંગ્રહખોર નહીં! વધારે મેળવવાની કે સાચવવાની ભાવનાને તેમના જીવનમાં સ્થાન જ નથી હોતું. તેઓના રાગાદિકષાયો અત્યંત પાતળા પડી ગયા હોય છે. તે જ રીતે પરિગ્રહ સંજ્ઞા પણ મંદ પડી ગઈ હોય છે.

આ મિથ્યાદૃષ્ટિ શેઠ રોજ લાખ ખાંડી સોનાનું દાન કરતા. આ દાન પૂરું ન થાય ત્યાં સુધી ખાટલા પરથી નીચે ન ઊતરતા. નિત્યનો આ ક્રમ બની ગયો હતો. શેઠ પાસે ધન તો ઘણું હતું. કમાણી પણ સારી હતી. ત્યારે જ તે રોજ ૧ લાખ ખાંડી (૨૦લાખ મણ, અર્થાત્ ૩૨૦ ક્રોડ તોલા) સોનાનું દાન કરી શકે ને?

આ શેઠની પડોશમાં એક વૃદ્ધ ડોશી-શ્રાવિકા રહેતાં હતાં. તે રોજ સામાયિક કરતાં. તેમને સામાયિક વગર ચેન ન પડે. ધર્માત્માને ધર્મ વિના ન જ ગમે, તે સ્વાભાવિક છે. ધર્માત્માને ધર્મ પણ વ્યસન જેવો જ થઈ જાય છે. ધર્મની કિંમત સમજેલી વ્યક્તિને જ તેની આવશ્યકતાનો ખ્યાલ આવે છે. પૈસાની કમાણી કરતાં તેને મન ધર્મની કમાણી મોટી હોય છે. માત્ર તેના મનની આ વાત નથી પરંતુ વાસ્તવિકતા છે. નાનો દેખાતો પણ મહાન પુણ્યનો સર્જક બને છે. ઘણાં જન્મોનાં સંચિત કર્મોનો નાશ કરી શકે છે. અરે! ભાવથી એક નવકાર પણ ગણાય કે ભગવાનને નમસ્કાર પણ થાય તોય કેવળજ્ઞાન આપવાની એમાં તાકાત છે. ભગવાનના શાસનનો કોઈ પણ ધર્મ એવો નથી કે, જે કેવળજ્ઞાન અને મોક્ષ ન આપી શકે! ધર્માત્માને મન અર્થ ને કામની કોઈ કિંમત નથી હોતી. એને તો અર્થ-કામ દુર્ગતિનાં સાધન તરીકે જણાતાં હોવાથી તેનાથી દૂર ભાગતો હોય અથવા ડરતો હોય.

એક સમય એવો આવ્યો કે - શેઠને દાન કરવામાં અને વૃદ્ધશ્રાવિકાને સામાયિક કરવામાં અંતરાયનો ઉદય થયો. બંને જણ પોત-પોતાનાં કાર્યો ન કરી શકવાના યોગે દુઃખી થયા. બંને ખેદ કરવા લાગ્યા. એ સમયે દાન કરનાર શેઠે વૃદ્ધ શ્રાવિકાને એમ કહ્યું કે- તમે શા માટે આટલો ખેદ કરો છો? એક વસ્ત્રના ટુકડાને લઈ તેને પૂંજ્યા નહીં (અર્થાત્ મુહપત્તિ પડિલેહણ ન કરી, ન થઈ) તેમાં કયું મોટું પુણ્ય લુંટાઈ ગયું? શા માટે આટલો પશ્ચાત્તાપ કરો છો? માનસિક દુઃખી શા માટે થાઓ છો? કારણ, એમાં ધન તો વપરાતું નથી.

જેમ શેઠને મોટો સોદો ન થાય તો દુઃખી થાય, તેમ નાના વ્યાપારીને નાનો સોદો ન થાય, નાની પણ કમાણી ગુમાવવાનો વખત આવે તો માનસિક પીડા થાય છે. અહીં કદાચ શેઠ કરતાં ડોશીની માનસિક વેદના વધારે હશે. કારણ તેના મનમાં એક લાખ ખાંડી દાન કરતાં એક સામાયિકની કિંમત વધારે છે. દાન કરતાં સામાયિક બધી રીતે ચઢિયાતું છે. શ્રીમંતને પૈસા ખર્ચ કરવાની વાત કરો તો તરત ખર્ચી નાખશે પરંતુ તેને ૪૮ મિનિટ કાઢીને એક સામયિક કરવાનું કહેશો તો ભાવ નહીં થાય! તૈયાર નહીં થાય!

ઘણીવાર પૈસાથી થતા ધર્મ કરતાં વગર પૈસે થતો ધર્મ ચઢિયાતો હોય છે. ભગવાનનું રોજનું એક કરોડ આઠ લાખ સૌનૈયાના દાન સ્વરૂપ વર્ષીદાન ચઢે કે ભગવાનના એક દિવસનું પૈસાદિ તમામ પરિગ્રહના ત્યાગ સ્વરૂપ ચારિત્ર ચઢે? જવાબ એ જ મળશે કે - ચારિત્રની કિંમત વધારે અંકાય. ધનના દાન કરતાં જેમાં અભયદાનથી લઈ પાપરહિત જીવન છે એવું ચારિત્ર અનેક રીતે, હજારો ગણું ચઢિયાતું ગણાય.

એ જ રીતે એક લાખ ખાંડી સુવર્ણના દાન કરતાં બે ઘડીનું દેશવિરતિ સ્વરૂપ સામાયિક ચઢયાતું ગણાય છે. માટે જ વૃદ્ધ શ્રાવિકાએ દાન કરનાર શેઠને કહ્યું: તારે એમ ન કહેવું કે - ધન - લક્ષ્મીના વ્યયવાળું દાન ઉપર ગણાય. સામાયિક કરતાં સુવર્ણનું દાન કર્યું તેનો ગ્રાફ ઉપર જઈ શક્તો નથી. હે શેઠ! તારું દાન ક્યારેય - કદાપિ - કોઈ કાળે સામાયિક કરતાં વધારે કિંમતનું ન જ ગણાય. તુલના પણ ન જ કરાય.

આટલું રોજનું દાન કરવા છતાં એ શેઠ ત્યાંથી આર્તધ્યાનમાં મૃત્યુ પામી વન-વગડામાં હાથીરૂપે જન્મ પામ્યો, રાજાની નજરમાં આવતાં તે હાથીને પકડાવ્યો. નગરમાં મંગાવ્યો. પોતાના પટ્ટહસ્તિ તરીકે તેને સ્થાપ્યો. દાન કરવાવાળા કરતાં સામાયિક કરવાવાળાનું ધ્યાન પણ ઊંચું ગણાય. સામાયિક કરવાવાળા માજી સામાયિકના ધ્યાનમાં મૃત્યુ પામી રાજાની દીકરી-રાજકુમારી થઈ! ધર્મના પ્રભાવે સદ્‌ગતિ મળે તેમાં નવાઈ નથી. શેઠે ભલે ગમે તેટલું દાન કર્યું... પણ પાત્ર-અપાત્રનો વિવેક તેમને નહોતો. આટલું જ દાન યોગ્ય સુપાત્રમાં, જિનેશ્વરભક્તિ વગેરે સાતક્ષેત્રમાં કર્યું હોત તો તેને હાથીના અવતારમાં ન જવું પડત. કોઈક સારો જન્મ મળ્યો હોત.

એક દિવસ રાજમાર્ગેથી પસાર થતા તે હાથીને પોતાનું ઘર જોતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યાં જ, તે જ ભૂમિ પર પડ્યો! ઘણા પ્રયત્નો કરવા છતાં ઊઠ્યો નહીં. તમાશાને તેડું ક્યાંથી હોય? એ ન્યાયે અચાનક આ રીતે ઢળી પડેલા હાથીને જોવા



બધા આવવા લાગ્યા. સર્વ નગરજનોની સાથે રાજકુમારી પણ આવી. તેણીએ પણ પોતાનું ઘર જોયું... તેણીને પણ ઊહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું!

રાજકુમારીએ હાથીને પણ ઓળખ્યો. મમત્વભાવથી પોતાના ગૃહપાસે પડેલા હાથીને પૂર્વજન્મના સંબોધન પૂર્વક કહ્યું: હે શેઠ! ઊઠ. ભ્રાંતિનો ત્યાગ કર. તારા ભૂતકાળને બરાબર વિચાર... તારા અભિમાનને યાદ કર. તાર દાનના અહંકારનું સ્મરણ કર. માન કષાયના યોગે તું કહેતો હતો ને કે - સામાયિક કરતાં લાખ ખાંડી સોનાંનું દાન ઊંચું ગણાય... જો... આટલું આટલું રોજ દાન કરવા છતાં તું હાથી તરીકે જન્મ પામ્યો. જ્યારે હું રોજના સામાયિકના પ્રભાવે રાજાના મહેલમાં તેમની પુત્રી તરીકે જન્મ પામી! દાન કરતાં સામાયિકના ગુણ અધિક છે, આવું તે સમયે મેં કહેલું... તેં ન માન્યું...

લોકોએ પૂછ્યું:હે રાજકુમારી! આ તેં શું વાર્તાલાપ હાથી સાથે કર્યો? ત્યારે રાજકુમારીએ પોતાનો અને હાથીનો પૂર્વભવ જણાવ્યો. આ જ નગરના ઘણા લોકોને તે બંનેની પૂર્વભવની જાણકારી હતી. તેથી ખાતરી થઈ ગઈ. આ કારણે નગરના ઘણા ભાગ્યશાળીઓ સામાયિક કરતા થઈ ગયા!

તેણીના વચનોથી પ્રતિબોધ પામેલો હાથી પશ્ચાત્તાપ કરવા પૂર્વક ઊભો થઈ ગયો. પોતાના સ્થાને આવી ગયો. હવે એ હાથી પણ રોજ બંને ટાઈમ (સવાર-સાંજ) ભૂમિ પ્રમાર્જી - જીવજંતુ રહિત ભૂમિનું આલંબન લઈ રાજકુમારી પાસે નિરંતર ભાવસામાયિકમાં રહેવા લાગ્યો! શાસ્ત્રકાર નોંધે છે કે - તિર્યંચગતિમાંય જાતિસ્મરણાદિના યોગે શ્રાવકનાં અગિયાર વ્રતો તે જીવ લઈ શકે છે. તેમાં ૯ મા નંબરે સામાયિકવ્રત આવે છે.

સામાયિક પૂરું થાય ત્યારે; પોતાને ધર્મ પમાડનાર, ધર્મમાં સ્થિર કરનાર ગુરુણી તરીકે ગણીને રાજકુમારીને નમસ્કાર કરી ઊઠવા લાગ્યો. તે હાથીના જીવે જ્ઞાનના માધ્યમથી અભક્ષ્યનો, અપેયનો ત્યાગ કરી નિર્દોષ આહાર લેવા માંડ્યો. આ રીતે પોતાના જીવનનો કાળ વ્યતીત કરી રહ્યો હતો.

કાળક્રમે મૃત્યુ નજીક આવી પહોંચ્યું. મોતથી ડર્યા વગર સમાધિ જાળવી રાખી. સામાયિક અને સમાધિના પ્રભાવે મૃત્યુ પામી આઠમા સહસ્રાર નામના દેવલોકમાં ઉત્પન્ન થયો! મતલબ, તેની ઉત્કૃષ્ટ ગતિ થઈ.

આનાથી એ નિશ્ચિત થયું કે, ગમે તેટલું સુવર્ણનું, ધનનું, જમીનનું દાન કરો તોય સામાયિકની તોલે ન આવે. તેથી સર્વ માનવોએ રોજ અવસ્ય સામાયિક કરવું જોઈએ. સામાયિકરૂપ વિરતિથી બીજા પણ ઘણા-ઘણા લાભો થાય છે. ૫